ગાંધીનગર સમાચાર

## આજે મનપા દ્વારા ઓનલાઈન પેમેન્ટની સુવિધાનું લોકાર્પણ કરાશે




નાતાલની ઉજવણી - શહેરમાં નાતાલની ઉજવણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે... સેક્ટર-૮ના ચર્ચને રંગબેરંગી રોશનીથી સજાવાયું છે... પ્રાંગણમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મ પ્રસંગની ઝાંખી ઉભી કરાઈ છે... શહેરના અન્ય ચર્ચોમાં પણ રોશની અને સજાવટ ઉલ્લાસપૂર્ણ કરાઈ છે... નાતાલ પર્વે ચર્ચના હૉલમાં પ્રાર્થના કરવા શહેરના ખ્રિસ્તી પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે....

# જિલ્લામાં પંચાયત ચૂંટણીનો પ્રચાર પરાકાષ્ઠાએ

**પંચાયતોની ચૂંટણીમાં સૌથી મોટુ મતપત્ર (સરપંચ માટેનું) કોબાનું અને પછી ઝુંડાલનું : ૧૭ ગામોમાં સરપંચ પદ માટે ચતુષ્કોણીય જંગ તો ૮ ગામોમાં બહુકોણીય જંગ : પાંચથી વધુ ગામોમાં પાંચ ઉમેદવારો**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ૧૭૫ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેનો સંપૂર્ણ તખ્તો તૈયાર થઈ ચુકયો છે.

જિલ્લામાં સરપંચની ચૂંટણી માટે સૌથી મોટું મતપત્ર કોબાનું છે જેમાં ૧૦ ઉમેદવારો ઉપરાંત એક નોટા માટેની જગ્યા દર્શાવવામાં આવી છે. આ પછી ઝુંડાલમાં ૯ ઉમેદવારો, રાંધેજામાં ૮ ઉમેદવારો, મગોડીમાં ૬, નવા ધરમપુરમાં ૬, ગલુદણમાં ૬, જલુંદમાં ૬ ઉમેદવારો છે તો દહેગામના હરસોલીમાં ૮ ઉમેદવારો સરપંચ પદ માટે મેદાનમાં છે.

ગાંધીનગર તાલુકાના ડભોડા, ભોયણ રાઠોડ, શિહોલી મોટી, સાદરા, સુઘડમાં પાંચ પાંચ ઉમેદવારો મેદાનમાં છે. જયારે સરઢવ, ઉવારસદ, વડોદરા, ટીંટોડા, તારાપુર, રૂપાલ, રાયપુર, અનપુર, પોર, પીંપળજ, પીંડાયડા, માધવગઢ, આદરજ મોટી, આલમપુર, ઈસનપુર મોટા, ખોરજ કુડાસણમાં ૪-૪-ઉમેદવારો મેદાનમાં છે.

ચિલોડા (ડ), ચિલોડા (ન) અને મોતીપુરા સહિતના ગામોમાં બે બે ઉમેદવારો મેદાનમાં છે.

પંચાયતની ચૂંટણી માટે તંત્ર એ ૧૦૫ મતદાન મથકો આમ સંવેદનશીલ અને ૧૧૭ મતદાન મથકોને સંવેદનશીલ મતદાન મથકોની યાદીમાં મુકયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## મિત્રમંડળની રાજનીતિનું પ્રચાર અભિયાન ચરમસીમાએ...

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું પ્રચાર અભિયાન તેની ચરમસીમા પર પહોંચી ગયું છે. રિક્ષાઓ, બેનરો અને રાત્રિ બેઠકોના ધમધમાટની સાથે સાથે ડોર ટુ ડોર પ્રચાર અભિયાન ચાલી રહ્યું છે.

રાત્રિ બેઠકોમાં કચરિયુ, ગોટા ઉપરાંત બ્રેડ-ટોઠા ચવાણા અને ચાની જયાફતો ઉડી રહી છે. કયાંક તો વળી પહોંચતા ઉમેદવાર દ્વારા સમર્થકોને ફીકસ લંચ જેવું જમવાનું પણ આપી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર અભિયાનમાં સોશિયલ મિડિયાનો પણ ઉપયોગ થઈ રહ્યો છે. 'વિકાસ' એ લગભગ તમામ ઉમેદવારોનો સર્વ સામાન્ય મુદ્દો છે. આ જંગમાં મોટા ભાગના ઉમેદવારો શિક્ષિત અને યુવાઓ પણ છે.

જો કે ગ્રામ્ય વિસ્તારની પ્રજા મન કળવા દેતી નથી પરંતુ દરેકની સાથે હળી મળી અને વાતો કરે છે એટલું જ નહી નાસ્તા પાણી પણ કરે છે. જો કે નોટબંધીની અસર છે એટલે અતિશય ખર્ચ નહિ પણ મિત્ર મંડળની રાજનિતીના પ્રચાર અભિયાને ભારે ઉત્તેજના જગાવી છે.

## પંચાયતની ચૂંટણીમાં પ્રથમવાર 'નોટા'

**બે કલરના મતપત્રો : એક મતદારને પાંચથી સાત મિનિટ લાગશે તેવું અનુમાન : નવા નિયમ સાથે પહેલી ચૂંટણી**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ૧૭૫ ગ્રામ પંચાયતોની યોજાનારી સામાન્ય ચૂંટણીમાં પહેલીવાર 'નોટા' માટે 'ઉપર પૈકીના એક પણ નહિ' એમ મતપત્રમાં દર્શાવી છેલ્લુ ખાનું રાખવામાં આવ્યું છે. પંચાયતોની ચૂંટણીમાં નોટાનો પહેલીવાર ઉપયોગ થઈ રહ્યો છે. આ ચૂંટણી મતપત્રથી યોજવાની હોવાથી મતપત્રમાં છેલ્લુ નામ 'ઉપર પૈકીના એક પણ નહિ' કહી દર્શાવવામાં આવ્યું છે. આ ચૂંટણીમાં ૫૦ ટકા મહિલા અનામતનો પણ અમલ થઈ રહ્યો છે. પંચાયતોની ચૂંટણી માટે તંત્ર દ્વારા ચૂંટણીની કીટો તૈયાર કરવાની કામગીરી પણ અંતિમ તબક્કામાં છે. જિલ્લામાં ૧૫૦૦થી વધુ મતપેટીઓ આ ચૂંટણીમાં ઉપયોગમાં લેવામાં આવનાર છે. ચૂંટણીમાં સરપંચ માટે અલાયદા કલરનું અને સભ્ય માટે અલાયદા કલરનું એમ બે કલરના મતપત્ર તૈયાર કરવામાં આવ્યા છે. પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારોની સંખ્યા જોતાં આ વખતે એક મતદારને મતદાન માટે ઓછામાં ઓછી સાતેક મિનિટનો સમય લાગે તેમ માનવામાં આવી રહ્યું છે.

# મહાત્મા મંદિરથી દાંડી કુટીરને જોડતા કેબલ સ્ટેડ બ્રિજનું વાઈબ્રન્ટમાં ઉદઘાટન

**નમુનારૂપ કેબલ સ્ટેડ બ્રિજના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે : ચાઇનાથી કેબલો મંગાવાયા હતા**

ગાંધીનગર તા ૨૪

મહાત્મા મંદિરથી દાંડી કુટીરને જોડતા કેબલ સ્ટેડ બ્રિજનુ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન લોકાર્પણ થશે. વાઈબ્રન્ટમાં દેશ વિદેશથી આવનારા મહાનુભાવો ગોલ્ફ કાર મારફતે આ બ્રિજ પરથી પસાર થશે. નમુનારૂપ કેબલ સ્ટેડ બ્રિજના નિર્માણ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ બ્રિજના નિર્માણ માટે ચાઈનાથી કેબલ મંગાવાયા હતા. જયારે ચાઈનાથી આવેલા તજજ્ઞોના માર્ગદર્શન હેઠળ બ્રિજનુ કામ કરવામાં આવ્યુ છે. ખ માર્ગ પર સ્થિત આ બ્રિજ આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે.

મહાત્મા મંદિરને અનુલક્ષી નગરના ખ માર્ગ પર નમુનારૂપ બ્રિજનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. કેબલ સ્ટેડ બ્રિજનુ કામ ચાર મહીના પુર્વે જ પુર્ણ થયુ છે. જયારે દાંડી કુટીરથી મહાત્મા મંદિરને જોડતા આ બ્રિજના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. કેબલ સ્ટેડ બ્રિજના નિર્માણ માટે ચાઈનાથી ખાસ ટીમ નગરની મુલાકાતે આવી હતી. મહાત્મા મંદિરમાં સમગ્ર પ્રોજેકટની કામગીરી દરમિયાન કોઈપણ વ્યક્તિને ઈજા થઈ ન હતી. જેના પરિણામે મહાત્મા મંદિરની કામગીરીને સેફટી એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. ત્યારે કેબલ સ્ટેડ બ્રિજની કામગીરી દરમિયાન પણ કોઈને ઈજા પહોચે કે બ્રિજની નીચે કે આસપાસના વિસ્તારમાં વાહનોની અવરજવર બંધ કરાવી દેવાઈ હતી. કેબલ સ્ટેડ બ્રિજના નિર્માણ સમયે ખ માર્ગ પર ખ-૪ થી ૫ વચ્ચે ટ્રાફિકની અવરજવર પણ મહીનાઓ સુધી બંધ કરી દેવાઈ હતી. જયારે બ્રિજ નિર્માણમાં ઉપયોગમાં લેવાયેલા કેબલ પણ ચાઈનાથી આવ્યા છે. લાંબા સમયના અંતે તૈયાર કરાયેલા નમુનારૂપ બ્રિજના લીધે દાંડી કુટીર અને મહાત્મા મંદિર વચ્ચે નવો રસ્તો જોડાયો છે. નગરની આગવી ઓળખ સમા મહાત્મા મંદિરના પ્રોજેકટના અંતે વર્ષ દરમિયાન સેંકડો મુલાકાતીઓ અહીં વિઝિટ લેતા હોય છે. જયારે બ્રિજ નિર્માણની કામગીરીના અંતે મુલાકાતીઓને પણ સરળતા રહેશે. દાંડી કુટીર અને

● અનુસંધાન પાન-૭ પર

# સાયન્સ સીટીમાં પ્રધાનમંત્રીના આગમનને પગલે તડામાર તૈયારી

**નવા જર્મન હેંગર ડોમ્સ, સ્ટ્રકચર, ઇલેક્ટ્રીફિકેશન તેમજ ટોઇલેટ બ્લોક સહિતની કામગીરી હાથ ધરાઇ**

ગાંધીનગર તા ૨૪

આગામી વાઈબ્રન્ટ સમિટને દરમિયાન સાયન્સ સીટીમાં નોબલ પારિતોષિક વિજેતા સાથે પ્રધાનમંત્રી પરામર્શ કરશે. જયારે પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી સાયન્સ સીટી કેમ્પસમાં પણ તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જર્મન હેંગરના આધુનિક ડોમ તૈયાર કરવામાં આવી રહયા છે. આ ઉપરાંત નવા કાયમી સ્ટ્રકચર ઉભા કરવાનુ કામ પણ ચાલી રહયુ છે. નરેન્દ્ર મોદી જયારે મુખ્યપ્રધાન હતા ત્યારે પણ સાયન્સ સીટીની વખતો વખત મુલાકાત લેતા હતા.

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં વિવિધ કામગીરીઓનો ધમધમાટ ચાલી રહયો છે. હાલ નગરને વાઈબ્રન્ટ લુક આપવા છેલ્લા એક મહીનાથી તંત્રની ટીમ કામે લાગી છે. શહેરમાં નજર નાંખો ત્યાં માર્ગાની સુધારણા તેમજ બ્યુટીફિકેશનની કામગીરી ચાલી રહી છે. વાઈબ્રન્ટ સમિટ જયાં યોજાવાની છે. તેવા મહાત્મા મંદિરમાં પણ સફાઈ તેમજ બ્યુટિફિકેશનનુ કામ ચાલી રહયુ છે. જયારે સે-૧૭ સ્થિત એક્ઝિબીશન સેન્ટરમાં પણ રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મુખ્યમંત્રી સાયન્સ સીટીની પણ મુલાકાત લેવાના હોવાથી આ જગ્યાએ પણ જરૂરી કામો હાથ ધરવામાં આવ્યા છે. સુત્રોના જણાંવ્યા મુજબ સાયન્સ સીટીમાં પ્રધાનમંત્રી નોબલ પારિતોષિક વિજેતા સાથે પરામર્શ કરશે ત્યારબાદ તેમની સાથે ભોજન પણ લેશે. પ્રધાનમંત્રીની આ મુલાકાતને ધ્યાને લઈ હાલ સાયન્સ સીટીમાં તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સાયન્સ સીટીમાં જર્મન હેંગરના ડોમ્સ પણ તૈયાર કરવામાં આવી રહયા છે. આ ઉપરાંત એ સી પ્લાન્ટ તેમજ ઈલેકટ્રીફિકેશનની પણ જરૂરી કામગીરી હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર


## શ્રદ્ધાંજલિ

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ** | **શ્રદ્ધાંજલિ**




**માતૃશ્રી સ્વ. મોતીબા**
સ્વ. તા. ૨૫/૧૨/૨૦૧૫

હે ''માઁ''
ક્ષણે ક્ષણે અમોને તમારી ખોટ વર્તાય છે,
આંખો તમારી યાદમાં ક્ષણે ક્ષણે ભિંજાય છે,
જનમો જનમ આપનો ખોળો ખૂંદવા મળે,
તેવાં સપનાં સેવાય છે....
હવે અહેસાસ થયો કે,
''માઁ'' વિના સૂનો સંસાર કેમ કહેવાય છે...

**પિતાશ્રી સ્વ. આત્મારામ બાપા**
સ્વર્ગવાસ વર્ષ - ૧૯૬૨

અનેક વર્ષો વિત્યાં,
અનેક વર્ષો પણ વિતશે,
તમારી યાદ અમ અંતરમાં,
આજીવન રહેશે...

**આપના સ્નેહીજનો**

ઈશ્વરભાઈ આત્મારામ પરમાર | જશોદાબેન ઈશ્વરભાઈ પરમાર
નારણભાઈ આત્મારામ પરમાર | ઉષાબેન નારણભાઈ પરમાર
શ્વેતલ ઈશ્વરભાઈ આનંદ | જિજ્ઞા શ્વેતલ આનંદ
ચંદ્રેશ ઈશ્વરભાઈ આનંદ | અનિતા ચંદ્રેશ આનંદ
બ્રિજેશ નારણભાઈ અમીન | જ્યોતિકા બ્રિજેશ અમીન
ગૌરાંગ નારણભાઈ અમીન | અસ્મિતા ગૌરાંગ અમીન
અમૃતભાઈ મૂળજીભાઈ પરમાર | મંજુલાબેન અમૃતભાઈ પરમાર
હિરેન અમૃતભાઈ દિક્ષિત | હિરલ હિરેન દિક્ષિત

● આર્યા ● કિઆ ● પ્રિન્સ ● વંદના ● મનિષા ● જિજ્ઞેશ

**સમગ્ર પરમાર પરિવાર**


## આજે મનપા દ્વારા ઓનલાઈન પેમેન્ટની સુવિધાનું લોકાર્પણ કરાશે

**મેયરનું નામ અતિથિ વિશેષ તરીકે દર્શાવાતાં ચર્ચાસ્પદ બન્યુ**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પૂર્વ વડાપ્રધાન બાજપેઈના જન્મદિવસની સુશાસન દિવસ તરીકે ઉજવણીના ભાગ રૂપે ઓન લાઈન પેમેન્ટની સુવિધાનો પ્રારંભ કરાશે.

આ કાર્યક્રમ યોજવાના પ્રોટોકોલનો ભંગ કરી મેયરને અતિથિ વિશેષ તરીકે દર્શાવવામાં આવ્યા છે. જયારે ઉદઘાટક તરીકે રાજયમંત્રી અને પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાધાવણીનું નામ દર્શાવવામાં આવ્યું છે. મુખ્ય મહેમાન તરીકે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર અને ધારાસભ્ય અશોકભાઈ

● અનુસંધાન પાન-૭ પર

## પ્રધાનમંત્રી જાન્યુઆરીમાં રણોત્સવની મુલાકાતે આવશે

**સફેદ રણમાં દેશના પ્રવાસન, રમતગમત અને સાંસ્કૃતિક વિભાગના રાજયોના પ્રધાનોની તેમના પરિવાર સાથે શિબિરનું આયોજન થશે**

અમદાવાદ, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાન્યુઆરી મહિનામાં કચ્છના પ્રવાસે આવનાર છે. સફેદ રણમાં ખાસ શિબિરનું આયોજન કરવામાં આવનાર છે. મોદીની યાત્રાને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે આગામી ૨૦-૨૧ જાન્યુઆરીએ વડાપ્રધાનનો કાર્યક્રમ ગોઠવાય એ રીતે હાલ તૈયારીઓ ચાલી રહી છે. તેઓ ભુજ ખાતે ભુજિયાનો તળેટીમાં ૧૫૦ કરોડના ખર્ચે ભુકંપમાં મૃત્યુ પામનારાઓની યાદમાં નિર્માણ પામતા સ્મૃતિ વનનું લોકાર્પણ કરે તેવી પણ સંભાવના છે. બીજી બાજુ આશાપુરા ગ્રુપ ઓફ કંપની દ્વારા ભુજોડી ખાતે તૈયાર થયેલી સંસદભવનની આબેહુબ પ્રતિકૃતિને પણ ખુલ્લી મુકે તેવી શકયતા છે.

વડાપ્રધાનની મુલાકાતને પગલે ધોરડો ખાતે ૨૦-૨૧-૨૨ જાન્યુઆરી એમ ત્રણ દિવસ સુધી દેશના પ્રવાસન, રમતગમત અને સાંસ્કૃતિક વિભાગના રાજયોના પ્રધાનોની તેમના પરિવાર સાથે શિબિર યોજાશે. ગુજરાત રાજયના પ્રવાસન વિભાગના અનુસચિવ હૈદરે આ અંગેની કચ્છના વહીવટી તંત્રને સુચના આપી છે. વડાપ્રધાનની હાજરીમાં અંતિમ દિવસે એક સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે.


ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET

તૈયાર પડદા 30% છૂટ

દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.

D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT

• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651





શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com